પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬

**૩૫૯.સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :–**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–જમાં મળી હતી.

સમિતિની આ બેઠકમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અધિકારીઓ/કર્મચારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારી અને વિભાગ હસ્તકની રાજ્ય સરકારની જુદી જુદી યોજનાઓની અમલવારી અંગેની જિલ્લાવાર માહિતીની તપાસ હાથ ધરવાનું નક્કી કરેલ હતું. પરંતુ તપાસ સંબંધમાં લાગુ પડતું સાહિત્ય વિભાગે આ સચિવાલયને અધુરુ પુરૂ પાડેલ હતું.

સમિતિના પ્રમુખશ્રીએ સદર બાબતે વિભાગને સમિતિએ માંગેલ સાહિત્ય દિન–૨૦માં મોકલી આપવા અને સાહિત્ય મળ્યા બાદ વિભાગની બેઠક રાખવા અંગે આદેશ આપ્યો હતો. સમિતિએ વિભાગની તપાસ મુલતવી રાખી હતી.

સમિતિની બેઠક બપોરના ૩:૨૨ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**